ગાંધીનગર સમાચાર

તા. ૧૨-૧૨-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### ધર્મપરિવર્તન : કેન્દ્ર સરકાર સામે મોટો પડકાર

આગરામાં કેટલાક મુસ્લિમ પરિવારોને મતદાર કાર્ડ, આધાર કાર્ડ, રેશન કાર્ડ અને પાકા મકાનની લાલચ આપી હિંદુ ધર્મ જાગરણ મંચ દ્વારા કરાવાયેલ ધર્મપરિવર્તન સામે વિવિધ સ્તરેથી ભારે બુમરાણ ઊઠવા પામી છે. આગરા પછીનું હિંદુ સંગઠનનું બીજું લક્ષ્ય સ્થાન અલીગઢ હતું. અલીગઢ ખાતે ૨૫ ડિસેમ્બરના દિવસે આગરા જેવો જ 'ઘર વાપસી' નો કાર્યક્રમ મોટા પાયે યોજવાનું આયોજન છે. હવે ઉત્તરપ્રદેશ સરકારે એ કાર્યક્રમ પર પ્રતિબંધ લાદી દીધો હોવાના સમાચાર વહેતા થયા છે ખરા, પરંતુ મુસ્લિમો અને ખ્રિસ્તીઓને ધર્મપરિવર્તન કરાવી એમની મૂળ આસ્થા - હિંદુ ધર્મમાં પરત લાવવા માટેના પ્રયાસો અટકે એવું લાગતું નથી. હિંદુ જાગરણ મંચના કન્વીનર રાજેશ્વરસિંહ આ કામ માટે પદ્ધતિસર એક ફંડ એકઠું કરી રહ્યા છે. એમનો એક પત્ર પણ મીડિયાના હાથમાં આવી ગયો છે. જેમાં એક મુસલમાન કુટુંબને હિંદુ બનાવવા માટે રૂા. પાંચ લાખ અને એક ખ્રિસ્તી પરિવારને 'ઘર વાપસી' કરાવવા માટે રૂા. બે લાખ જેટલો ખર્ચ થતો હોવાનું જણાવાયું છે. સ્વાભાવિક છે કે હિંદુઓમાંથી થોડી પેઢીઓ અગાઉ આવી જ કોઇ લાલચ મળવાથી અથવા ધાકધમકીથી ઘણા લોકો ખ્રિસ્તી કે મુસલમાન થઇ ગયા હોય અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ જેવા સંગઠનો એમને પાછાં હિંદુ ધર્મમાં લાવવા માંગતા હોય ત્યારે બિનસાંપ્રદાયિક પરિબળો એમની સામે એક મંચ પર આવી ભારે હોબાળો મચાવે. એ જ રીતે 'હિંદુ રાષ્ટ્ર' નું રટણ કરનાર સંગઠનો એમની પૂર્ણ બહુમતીવાળી સરકાર આવી હોય ત્યારે આ મુદ્દો ન ચગાવે તો જ નવાઇ. આખો દેશ ભડકે બળે એ પહેલાં કેન્દ્ર સરકારે અને જરૂર પડ્યે ન્યાયપાલિકાએ હસ્તક્ષેપ કર્યે જ છૂટકો! વિશ્વ હિંદુ પરિષદ સાથે સંકળાયેલા ગોરખપુરના સાંસદ યોગી આદિત્યનાથે આ પ્રવૃત્તિને 'સકારાત્મક' દૃષ્ટિએ મુલવવાનો આગ્રહ કર્યો છે. તો વળી વિનય કટિયારે પણ આ પ્રવૃત્તિને સીધું જ સમર્થન જાહેર કર્યું છે અને દેશના અનેક વિસ્તારોમાં મોટા પાયે થઇ રહેલ ખ્રિસ્તીકરણ સામે આંગળી ચીંધી છે. દેશના કાનૂન મુજબ નાગરિક પોતાની પસંદગીનો ધર્મ સ્વીકાર કરી શકે છે. બંધારણની કલમ-૨૫ મુજબ ભારતના દરેક નાગરિકને આ મૂળભૂત અધિકાર પ્રાપ્ત થયેલ છે. એ બાબત જગજાહેર છે કે ભારત છેલ્લા ઘણા સૈકાઓથી આવી વટાળ પ્રવૃત્તિઓ ભોગ બનતું રહ્યું છે. મુસલમાન શાસકોએ તલવારના જોરે અને ખ્રિસ્તી મિશનરીઓએ સુખ-સગવડોની લાલચ આપીને અસંખ્ય હિંદુઓને વટલાવ્યા છે, એ વિશે કોઇ ઇનકાર કરી શકે એમ નથી. સવિશેષ આદિવાસી, દલિત અને શોષિત - વંચિત વર્ગો જ આ ધર્મ પરિવર્તનનો ભોગ બનતા રહ્યા છે. સ્વામી વિવેકાનંદ જેવા પ્રખર હિંદુ ધર્મધુરંધરને પણ સ્વીકારવું પડ્યું હતું કે જે ધર્મ ભૂખ્યા માણસને રોટલો ન આપી શકતો હોય, જે ધર્મ વિધવાનાં આંસુ ન લૂછી શકતો હોય એવા ધર્મની મારે મન કોઇ જ કિંમત નથી, દેખીતું છે કે પેટની ભૂખ અને 'રોટી-કપડા-મકાન'ની લાલચે જ લાખો ગરીબ હિંદુઓ વરસોવરસ મિશનરીઓના ફંદામાં ફસાતા રહ્યા છે. આ પ્રકારની વટાળ પ્રવૃત્તિ ફાલી-ફૂલી એના માટે સવર્ણ હિંદુ સમાજની આભડછેટ અને સૂત્ર તથા સ્વધર્મીઓ પ્રત્યેની ક્રૂરતા જ જવાબદાર ગણાવી જોઇએ. હિંદુ સંગઠનો આ રીતે મજબૂરીથી ધર્મ છોડી ગયેલાઓને હિંદુ ધર્મમાં પાછા લાવી હિંદુઓના મુખ્ય પ્રવાહમાં એમનું સ્વૈચ્છિક પુનઃસ્થાપન કરવા કૃતસંકલ્પ છે અને એ મુદ્દે તેઓ અદાલત સિવાય કોઇની વાત સાંભળવા તૈયાર નથી. આ બાબતે બાંગ્લાદેશનાં દેશવટો ભોગવતાં લેખિકા તસલીમા નસરીન પણ સ્વેચ્છાએ સ્વધર્મમાં જવા માગનારા લોકોની તરફેણ કરે છે. પરંતુ માયાવતીએ રાજયસભામાં આ મુદ્દે ભારે વિરોધ નોંધાવી ભાજપ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સામે વાંધો ઉઠાવી તમામ વિપક્ષી પરિબળોને લાલચ આપીને તથા છેતરીને કરાવાઇ રહેલ ધર્મ પરિવર્તન સામે કડક કાર્યવાહી કરવા અનુરોધ કર્યો છે. મુખ્તાર અબ્બાસ નકવીએ એને રાજયનો વિષય ગણાવી કેન્દ્ર સરકારને એની સાથે કશી લેવા દેવા નહીં હોવાનું તથા આર.એસ.એસ.ને બદનામ નહીં કરવાનું જણાવ્યું હતું પરંતુ ક્રમશઃ દેશભરમાં હિંદુ જાગરણ મંચ એક લાખ જેટલા મુસ્લિમો અને ખ્રિસ્તીઓનું હિંદુ ધર્મમાં પુનરાગમન કરાવવા કૃતસંકલ્પ હોવાની વાત બહાર આવી છે ત્યારે એ ફક્ત રાજય વિશેષનો મુદ્દો ન રહેતાં રાષ્ટ્રીય સમસ્યા બની જાય છે. કેન્દ્ર સરકાર માટે એ નવી શિરોવેદના સમું બની રહેશે. એક તરફ નરેન્દ્ર મોદી દુનિયામાં ભારતનો ડંકો વગાડી સર્વધર્મ-સમભાવની વાત કરતા રહે અને બીજી તરફ એમના જ સાંસદો, ધારાસભ્યો તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેજા હેઠળનાં હિંદુ સંગઠનો એમનો 'ઘરવાપસી'નો કાર્યક્રમ આગળ ધપાવતા રહે, ત્યારે દેશ આખો ખળભળી ઊઠે, એવી પૂરી સંભાવના છે. વિદેશોમાં પણ એની અસર પહોંચે જ, ખાસ તો અમેરીકા અને યુરોપીય રાષ્ટ્રો ખ્રિસ્તી મિશનરીઓનાં સમર્થક હોઇ આ પ્રકારની 'ઘર વાપસી'ની થિયરી એમને પસંદ નહીં પડે તો વળી પાકિસ્તાન સહિતના મુસ્લિમ દેશોને પણ ભારત વિરુદ્ધ મુદ્દો મળી જશે. વેંકૈયા નાયડુએ પદ્ધતિસર નોટિસ આપી ધર્મ પરિવર્તન મુદ્દે ચર્ચા કરવાનો પડકાર ફેંક્યો છે. એમને કહ્યું છે કે ધર્મપરિર્તન અટકાવવા માટે વર્ષોથી માગણી કરતો રહેલો ભાજપ હવે આ અંગે સૌના સહકારથી પૂરી ચર્ચા વિચારણાને અંતે એક કડક કાનૂન બનાવવા તૈયાર છે, પરંતુ ત્યાં આ જ બિનસાંપ્રદાયિકતાના ઝંડાધારીઓ એને ડગલે ને પગલે આંતરશે! ધર્મના નામે ચાલતું રાજકારણ બેઉ પક્ષે જોખમી પણ પુરવાર થયું રહ્યું છે અને છતાં બેઉ એનો ભરપૂર દુરુપયોગ પણ કરતાં રહ્યા છે.



**વિખરાયેલા મોતીનું વિમોચન**

શ્રી નિરંજન ઓઝા-અમૃત પર્વ ૨૦૧૪ તેમજ તેમના દ્વારા લખાયેલા અને પાટનગરના સુપ્રસિધ્ધ દૈનિક 'ગાંધીનગર સમાચાર'માં સમયાન્તરે પ્રસિધ્ધ પામેલ લઘુ લેખોના સંગ્રહ 'વિખરાયેલા મોતી' શિર્ષક હેઠળના પુસ્તકનો વિમોચન સમારંભ સર્વશ્રી લવજીભાઈ વાડિઆ, ભાનુપ્રસાદ પુરાણીના અતિથિ વિશેષ પદે તેમજ મોટી સંખ્યામાં વડિલો સ્વજનો તથા મિત્રોની ઉપસ્થિતિમાં તા. ૭મી ડિસેમ્બર ૨૦૧૪ના રોજ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર ખાતે સંપન્ન થયો.

# ગાંધીનગર શહેર મોચી સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો

## સમાજના તેજસ્વી તારલાઓને ચાંદીના સિક્કા આપી સન્માનાયા : મુકિતધામ ખાતે પૂ. લાલા બાપાની મૂર્તિ મુકવા રૂ. ૩૫૦૦૦નું દાન મળ્યું

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના શહેર મોચી સમાજનો સ્નેહમિલન સમારંભ તેમજ વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં યોજાઈ હતી. આ સભામાં ગાંધીનગરના મુકિતધામ ખાતે પૂ. લાલા બાપાની આરસની મૂર્તિ મુકવા માટેની દાનની અપીલને સભ્યોએ સુંદર પ્રતિભાવ દ્વારા વધાવી લીધી હતી અનો સમાજના અગ્રણી પ્રવિણભાઈવાળા અને તેમના પત્ની દતાબેન વાળાએ મૂર્તિ માટે રૂ. ૩૫૦૦૦નું દાનજાહેર કર્યું હતું.

આ વાર્ષિક સાધારણ સભામાં સંસ્થાના વાર્ષિક હિસાબો રજૂ કરાયા હતા અને ટ્રસ્ટ રજીસ્ટ્રેશન માટેનું બંધારણ જાહેર કરાયુ હતું. આ સભામાં સંસ્થાના આજીવન સભ્યો તેમજ દાતાઓનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. મુકિતધામ ખાતે પૂ. લાલાબાપાની મૂર્તિના શાસન માટે અગ્રણી હિંમતભાઈ જેઠવા તેમજ અન્ય દાતાઓમાં નરોતમભાઈ વાઘેલા, ડૉ. અંકુરભાઈ પરમાર અને અન્યોનો સમાવેશ થાય છે. આ સમારંભમાં વય નિવૃત્ત થતા ગુણવંતભાઈ ચૌહાણ તેમજ યુરોલોજીમાં સુપર સ્પેસ્યાલીસ્ટ તરીકે વિશિષ્ઠ ડિગ્રી ધરાવનાર ડૉ. ગૌરાંગ વાઘેલાને ટ્રોફી અને સન્માનપત્ર એનાયત કરાયાં હતાં. આ સમારંભના ઈનામ વિતરણ માં મહિલા પીએસઆઈ ઉર્મિલાબેન ચૌહાણે ધોરણ ૧ થી ૭માં અને મહિલા પ્રતિનિધિ ઉષાબેન ચૌહાણે ધો-૮ થી૧૦માં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને ચાંદીના સિક્કા ભેટ આપ્યા હતા. આ ઉપરાંત સુનિલ ચુડાસમાએ પણ ચાંદીના સિકકાની ભેટ આપી હતી જયારે ગિરીશભાઈ યાદવે જુના ગીતોની ઝલક આપી હતી.



**કડી સર્વ વિદ્યાલય સંકુલની કન્યા શાળાઓમાં સુરક્ષા સેતુ શિબિર યોજાઈ**

ગાંધીનગરના સે. ૨૩માં આવેલ કડી સર્વ વિદ્યાલય સંકુલની આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને એસ.બી.પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળા દ્વારા સ્થાનિક પોલીસ વિભાગના સહયોગથી મહિલાઓની સુરક્ષા માટે જાગૃતિ અભિયાન 'સુરક્ષા સેતુ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૪૧૦ વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વરક્ષા માટે પ્રશિણ આયોજન વાડોકાઈ-કરાટેના કૌશલ્યોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા પીએસઆી શ્રીમતિ એસ.એમ. ચૌધરી, વાડોકાઈ-કરાટે-ડો સંસ્થાના ટેકનિકલ ડાયરેક્ટર અરવિંદભાઈ રાણા, શાળાના આચાર્યા સુધાબેન પટેલ, વિભાગીય સુપરવાઈઝર ગીતેષભાઈ પટેલ, શ્રીમતિ દિલરહરબા બહેન ચુડાસમા અને શ્રીમતિ ગીતાબેન પટેલ તેમજ શાળા પરિવારના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૦ દિવસની તાલીમ શિબિરમાં પ્રશિક્ષણ મેળવેલ ૪૧૦ વિદ્યાર્થીઓ દ્વારા વાડોકાઈ-કરાટેના તમામ પ્રકારના રક્ષણ અને પ્રહારના કૌશલ્યોનું નિદર્શન કરાયું હતું. તેમણે હાથ અને પગના પ્રહાર દ્વારા વિલાયતી નળિયાઓ તોડીને શક્તિ પ્રદર્શન પણ કર્યુ હતુ. આ શિબિરમાં વિદ્યાર્થીઓએ તેમણે મેળવેલી ટેકનિકને જાગૃત રાખવા દરરોજ પ્રેક્ટીસ કરવાની પ્રતિજ્ઞા લઈ સ્વરક્ષા માટે કટિબદ્ધતાના શપથ લીધા હતા.

### આજે ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલનો સ્પોર્ટસ ડે ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર ઈન્ટરનેશનલ પલબ્લિક સ્કૂલમાં તા. ૧૨મી ડિસેમ્બરે સવારે ૯ થી ૧૨.૩૦ વાગ્યા દરમ્યાન સ્પોર્ટસ ડે નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પોર્સ ડે ની ઉજવણીમાં આંતરરાષ્ટ્રીય ફૂટબોલ કોચ સ્પેન્સર જહોન્સન મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે.

આ સ્પોર્ટસ ડે અંતર્ગત શાળામાં વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાશે. ધ્વજારોહણ અને પરેડ બાદ વાર્ષિક સ્પોર્ટસ મીટને ખુલ્લી મુકાશે. આ સ્પોર્ટસ ડેની ઉજવણીમાં પેરેશુટ દ્વારા ડેમોસ્ટ્રેશન ઉપરાંત અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. આ સ્પોર્ટસ ડે ની સ્પર્ધાઓમાં વિજેતા ખેલાડીઓને પ્રમાણપત્રો પણ અપાશે.

### મણીનગર ખાતે સ્વાવલંબન શિબીર આયોજન

ગાંધીનગર, તા. ૧૧

ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત ઔદ્યોગીક તાલીમ સંસ્થા મણીનગર ખાતે તા. ૧૨-૧૨-૨૦૧૪ શુક્રવારના રોજ ૧૧.૦૦થી ૪.૦૦ દરમ્યાન આઈ.ટી.આઈ.માં તાલીમ મેળવી સફળ થયેલા તાલીમાર્થીઓ સ્વ-રોજગાર શરૂ કરી શકે તે માટે 'સ્વાવલંબન શિબીર-ઉદ્યોગ સાહસીકતા' અંગેની શિબીરનું આયોજન કરવામાં આવેલ છે. સદર કાર્યક્રમમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના રીજીઓનલ ઓફીસર તથા લીડ બેંકના મેનેજર ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડશે.

### આજે વિદ્યાસહાયક માટેના ભાષાના ઉમેદવારોની મીટીંગ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની ભાષા શિક્ષક હિત રક્ષક સમિતિ દ્વારા ચાલુ વર્ષે થનાર વિદ્યાસહાયકોની ભરતીમાં ધોરણ ૬ થી ૮ના અંગ્રેજી સિવાયના અન્ય વિષય જેવા કે હિન્દી, ગુજરાતી અને સંસ્કૃતના ઉમેદવારોએ તેમની સાથે થઈ રહેલા અન્યાય સામે લડવા તા. ૧૨મી ડિસેમ્બરે સાંજે ૪-૦૦ વાગે મીટીંગનું આયોજન કરેલ છે. આ મીટીંગમાં વિદ્યાસહાયકની ભરતીમાં ભાષા શિક્ષક માટે જનરલ મેરીટ ગુણના બાબતે લડત આપવા ચર્ચા વિચારણા કરવાની હોઈ સેકટર-૬ના બગીચામાં આ મીટીંગનું આયોજન કર્યું છે. જેમાં હિન્દી, ગુજરાતી અને સંસ્કૃત ભાષાના ઉમેદવારોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## હરિની દૃષ્ટિ...




સાહેબ, હું તો કંટ્રોલ કરી લઇશ.., બાકી આપ કેજરીવાલ જેવા લાગો છો... સ્ટાફથી સાચવજો...!!

### આંતર વિભાગીય ક્રિકેટ મેચમાં વિધાનસભાની ટીમ સામે આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમનો વિજય

ગાંધીનગર, તા. ૧૧

સેકટર-૨૧ સચિવાલય જીમખાના ખાતે સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આંતર વિભાગીય ટુર્નામેન્ટમાં સચિવાલય આરોગ્ય, ઉર્જા અને શ્રમ રોજગારની સંયુકત ટીમ અને વિધાનસભા વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ હતી. જેમાં વિધાનસભાની ટીમ સામે આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમનો ૪૨ રને ભવ્ય વિજય થયો હતો. મેચમાં આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમમાં વત્સલ વોરાએ ૬૧, મિત્તલ ચૌધરી ૨૬, ગૌતમ પટેલે ૩૧ અને અજય પટેલે ૨૫ રન નોંધાવ્યા હતા. જ્યારે અતુલ બક્ષીએ ૩૧ રન અને ૧ વિકેટ, હિતેન્દ્ર પટેલે ૧૨ રન અને ૨ વિકેટ, ધવલ શાહે ૨ વિકેટ, જે.બી. પટેલે ૨ વિકેટ, નિરજ ગામીત ૨ વિકેટ અને નિસર્ગે ૨ વિકેટ ઝડપી હતી, જ્યારે વત્સલ વોરાને મેન ઓફ ધી મેચ જાહેર કરવામાં આવ્યા હતા. તેમ મેનેજર દિપક પટેલ અને કોચ કલ્પેશ પટેલે જણાવ્યુ હતુ.

### સાઈ ખાતે ગુજરાત એમેચ્યોર ક્રિકેટ ટીમની પસંદગી શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

એમેચ્યોર ક્રિકેટ ફેડરેશન ઓફ ઈન્ડીયા (એસીએફઆઈ) દ્વારા આગામી તા. ૧લીથી ૪થી જાન્યુઆરી દરમ્યાન ૨૨મી એમેચ્યોર ક્રિકેટ નેશનલ ચેમ્પિયનશીપનું રાજસ્થાનના ઉદેપુર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા પુરૂષ અને મહિલા બંને માટે યોજાશે. તેમજ આ સ્પર્ધા માટે ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડીયા (સાઈ)ના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે તા. ૧૪મી ડિસેમ્બરે એમેચ્યોર ક્રિકેટ સીલેક્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ સવારે ૧૧ થી બપોરના ૩.૩૦ વાગ્યા દરમ્યાન યોજાશે. જેમાં અન્ડર-૨૧ વય જુથના ખેલાડીઓની પસંદગી કરવામાં આવશે.

આ કેમ્પમાં પસંદ પામેલા ખેલાડીઓ ઉદેપુર ખાતે આયોજિત ૨૦મી એમેચ્યોર ક્રિકેટ નેશનલ ચેમ્પિયનશીપમાં ગુજરાત રાજ્ય એમેચ્યોર ક્રિકેટ ટીમ વતી રમશે. આ રમતમાં રસ ધરાવતા રાજ્યના એમેચ્યોર ક્રિકેટના તમામ ખેલાડીઓને ભાગ લેવા જણાવાયું છે. આ પસંદગી પ્રક્રિયાની વધુ વિગતો માટે એસીએફઆઈના સેક્રેટરી જનરલ બી.ડી. વર્માનો સંપર્ક સાધવા જણાવાયું છે.

### આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં કૃષિ સહકાર વિભાગની ટીમ સામે નાણા વિભાગની ટીમનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા.૧૧

ટુર્નામેન્ટમાં કૃષિ સહકાર વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ કરતા ૩૦ ઓવરમાં ૧૬૩ રન કર્યા હતા જેમાં કૃષિ અને સહકારની ટીમના વિપુલ પટેલે ૩૭ અને અનિલ પરમારે ૨૧ રન મુખ્ય કર્યા હતા.નાણાં વિભાગની ટીમમાં બોલીંગમાં શૈલષ પ્રજાપતિએ ૪ ધવલ અગ્રાવત અને ધર્મિત જાનીએ ૨-૨ વિકેટ ઝડપી હતી. નાણા વિભાગની ટીમ બેટિંગ કરવા ઉતરતા ૩૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવી ૧૬૪ રન કરતા રસાકસી ભરી મેચમાં ૧ વિકેટે ભવ્ય વિજય થયો હતો.

નાણા વિભાગની બેટિંગમાં ધવલ અગ્રાવતના ૧૯, દિલીપસિંહ રાજપૂત ૪૧, સંદિપસિંહ ચાવડા-૪૧, શૈલેષ પ્રજાપતિ ૧૪ અને ધર્મિત જાનીના ૧૫ રન મુખ્ય હતા. જયારે કૃષિ સહકાર વિભાગની બોલીંગમાં સંજય દેસાઈ ૪ અને વિપુલ પટેલ, અનિલ પરમાર અને કિરણ સોલંકીએ ૧-૧-૧ વિકેટ ઝડપી હતી.

નાણા વિભાગની ટીમનો ૧ વિકેટે રસાકસી ભર્યો ભવ્ય વિજય થતા મેચમાં ઓલ રાઉન્ડ દેખાવ બદલ સંદિપસિંહ ચાવડાને મેન ઓફ ધી મેચ જાહેર કર્યા હતા. તેમ ટીમ મેનેજર દિનેશ દાણીએ જણાવ્યું હતું.

# જે લોકો જીંદગીની પ્રત્યેક ક્ષણને જીવી જાણે છે તેમના દાંપત્યજીવન મહેંકી ઊઠે છે

**સમાજ ચિંતન**

**પોપટલાલ પ્રજાપતિ**

એક વડીલ, જાણે જીંદગીથી હારેલા, થાકેલા પણ જીવ અવગતે નહોતો કરવો એટલે જેમ તેમ કરીને જીંદગી જીવતા, આમ તો ઘરમાં કોઈ વાતે દુઃખ નહિ. ભર્યુ ભાદર્યું ઘર, છોકરાના ઘરે છોકરા પણ પોતાની જિંદગીનો ખાલીપો એમને મુંઝવતો. આજે મોટા દીકરાના પુત્રની બર્થડે હતી. ઘરમાં સર્વત્ર આનંદનું વાતાવરણ હતું. સુંદર મજાની કેક આવી ગઇ હતી. એક કતારમાં પાંચ મીણબત્તી પ્રગટાવી હતી. રંગબેરંગી રીબીનો, ફુગ્ગા લગાવી બર્થડે સેલીબ્રેટ કરવાની તૈયારી થઇ ગઇ હતી. મુન્નાએ કેક કાપી અને 'હેપ્પી બર્થ ડે ટુ યુ' ના નારા ગુંજવા લાગ્યા. સૌ પ્રથમ મુન્નો પોતાના હાથે એક કેકનો ટુકડો લઇ દાદાજીને ખવડાવવા તેમની પાસે ગયો. દાદાજીએ માથે હાથ મૂકી પૌત્રને આશીર્વાદ પાઠવ્યા. કેકનો ટૂકડો દાદાજીના મોંઢામાં મુકાતાં જ આ ખુશીના પ્રસંગે પણ દાદાની આંખોની પાંપણ નીચે પાણીના બે બુંદ ટપકતાં દેખાયા... મનોમન તેઓ બોલી ઊઠ્યા. આજે સવિતા હોત તો?

... મારા કારણે જ સવિતાએ આપઘાત કર્યો હતો. મેં જરા જબાન પર કાબુ રાખ્યો હોત તો સવિતા અત્યારે મારી પાસે જ હોત અને ના, ના કરતાંય તે બે ચાર ટૂકડા કેકના મારા મોઢામાં મૂકી દેત, કારણ કે તેને ખબર હતી કે મને કેક બહુ ભાવતી. કેક મોઢામાં મુકી અને દાદાજી ટપકતા આંસુ કોઈ જોઇ ન જાય એટલા માટે ઉભા થઈ બાથરૂમ તરફ ગયા... ૫૫ વર્ષ સવિતા સાથે રહ્યા. જાણે જીંદગીનો એક અધ્યાય પુરો થઈ ગયો. બંને કેટલા પ્રેમથી જીવન ગુજારતા... કદી કોઈને ઊંચા અવાજે બોલ્યા નથી. એક બીજાના ગમા-અણગમાનો ખ્યાલ રાખી બંને લેટ-ગોની ભાવના સાથે એકબીજાને પ્રસન્ન રાખવા હંમેશાં પ્રયત્નશીલ રહેતા, પણ એ દિવસે કોણ જાણે શું થઈ ગયું કે, પૌત્રનું ઉપરાણું લઈને સાવ નજીવી વાતમાં સવિતાએ બધાની વચ્ચે ધમકાવી નાખી. અને તેના આત્મસન્માનને ઠેસ લાગી. તેને એટલું ખોટું લાગી આવ્યું કે કાયમ માટે એણે મારાથી અબોલા લઇ લીધા. રાત્રે જ એણે ગળા ફાંસો ખાઈ લીધો... એ પંખે લટકી ગઈ અને મારા જીવનમાં શુન્યાવકાશ સર્જતી ગઈ. એ આટલી બધી લાગણીશીલ હશે એ વાત હું જાણી ન શક્યો આ પળને સાચવી લીધી હોત તો સવિતા આજે મારી સાથે જ હોત. બાથરૂમનું બારણું બંધ કરી ટોઈલેટ જવાના બહાને દાદાજી બંધ બારણે એકલા આંસુ સારતા રહ્યા... એ આંસુ પશ્ચાતાપના હતા. એક નાનકડી ભુલ અને દાદાજી વિધુર બની ગયા... જીંદગીમાં આમ જ બનતું હશે?

જીંદગીમાં વિશાળ પરિવાર વચ્ચે રહેતો માનવી પણ કયારેક એકલો અટુલો પડી જાય છે. કયારેક નાનકડી ભૂલ જીંદગીભરનો પસ્તાવો બની જાય છે પછી એનું સમાધાન કયાંય મળતું નથી. ગાંધીનગરમાં તાજેતરમાં યોજાયેલ એક સમાજના પસંદગી મેળામાં છુટાછેડા લીધેલ એક યુવકને પુછવામાં આવ્યું. તમારું લગ્ન જીવન કેટલો સમય ટક્યું? તો તેણે નિરાશ થઈને કહ્યું, સાહેબ, ફક્ત એક સુહાગરાત...!!! અને બીજા દિવસે સવારે તો તે પ્રેમી સાથે ભાગી ગઈ... પ્રશ્ન એ છે કે યૌવનને દાંપત્યજીવનનું ગૌરવ કોણ સમજાવે? જીંદગીમાં તમે બધા સાથે હસી શકશો પણ રડવા માટે તો કોઈ એકનો જ ખભ્ભો જોઈશે. આવી પોતીકા માણસ સાથે પ્રિત કરી તો જુઓ? પ્રેમ, લાગણી અને હુંફ દાંપત્યજીવનમાં નહિ મેળવી શખો તો જીંદગીના ઉત્તરાર્ધમાં એકલા આંસુ સારવા સિવાય કોઈ રસ્તો નહિ મળે.

સંસારમાં કયારેક એવા પ્રેમાળ દાંપત્યજીવન જોવા મળે છે તે તેમને વંદન કરવાનું મન થાય. પણ આવા પ્રેમપાત્રોની કોઈ ગૌરવગાંથા લખાતી નથી. અખબારોના પાને રોજ તડપતા હૈયાની વેદના જ વાંચવા મળે છે. જવલ્લે જ જોવા મળે એવા એક પ્રેમાળ દંપત્તિની આજે વાત કરવી છે. પતિ સરકારી કર્મચારી હતા. અત્યારે નિવૃત્ત જીવન ગાળે છે. પોતે દેખાવમાં સોહામણા કરી શકાય તેવા. પણ તેમની પત્નિ એવી કે એના સ્વભાવ સિવાય બીજી બધી જ બાબતોમાં માઈનસ પોઈન્ટ જ જોવા મળે. રંગે રૂપે કદરૂપી, ભણતર પણ માંડ ચાર ચોપડીનો અભ્યાસ. અને છતાં આ પ્રેમાળ યુગલ આખો દિવસ સાથે ને સાથે જ. જે કોઈ આ યુગલને જુએ તો તેને પતિની દયા આવે. બિચારાનો મનખો બગડ્યો. આવી પત્ની સાથે રહેવાય જ કેવી રીતે? પણ પતિ એટલો પ્રેમાળ કે પત્નીને કયારેય એવું લાગવા દીધું નથી કે પતિને મારા પ્રત્યે અણગમો છે અથવા મને કયાંક સાથે લઈ જવામાં તે શરમ અનુભવે છે. બેસ્ટ કપલનો એવોર્ડ આપવો હોય તો આવા યુગલને આપી શકાય. પણ આપણે કયારેય આવી વાસ્તવિકતાનો તો સ્વીકાર કરતા જ નથી.

ખેર, આજની યુવા પેઢી જીંદગીના મુલ્યને સમજે, દાંપત્ય જીવનનું ગૌરવ જાળવતાં શીખે. પ્રત્યેક સમાજ છુટાછેડાની વધતી સમસ્યાથી ચિંતિત છે. ફ્રેન્ડશીપ ડે કે વેલેન્ટાઇન ડેમાં તેમને જેટલો આનંદ આવે છે એવો જ આનંદ પોતાના પાત્રને સાચવવામાં કે તેને સમજવામાં ઓછો આવે છે. વેલેન્ટાઈન ડેના દિવસે કોઈને ગુલાબ આપવાની ઝંખના રાખ્યા કરતા તમારા જ પાત્રને આ દિવસે ગુલાબ આપો તો કમ સે કમ પાછલી જીંદગીમાં તમને અફસોસ નહિ થાય કે અમે દાંપત્યજીવનને સુગંધિત ન કરી શક્યા. જે તમારું પોતાનું છે એને કયારેય અળગુ ન કરશો. જો આજે પ્રેમ નહિ કરી શકો તો અવસર વિત્યે પસ્તાવા સિવાય તમે કંઈ નહિ મેળવી શકો. વિતેલી જીંદગી ફરી કયારેય પાછી આવવાની નથી. ચાલી ગયેલી વ્યક્તિ પણ તેની યાદો જ મુકતી જવાની છે. યાદોની મજા લુટી શકાતી નથી એને ફક્ત વાગોળી શકાય છે. અંગત સંબંધો - ખાસ કરીને પતિ-પત્નીના સંબંદો જીવંત રાખો. તેને પેરાલીસીસ થતો અટકાવો. આપણે આખા સમાજને સાચવવો નથી પરસ્પર બે વ્યક્તિ એકબીજાને સાચવી લે તો સમાજની બધી સમસ્યાઓનો અંત આવી જાય... જે લોકો જીંદગીની પ્રત્યેક ક્ષણને જીવી જાણે છે તેના દાંપત્યજીવન મહેંકી ઉઠે છે અને જીંદગીની રફતાર કયારેક એક સરખી રહેતી નથી. એમાં ઉતારચઢાવ આવવાનો જ. સમયને પારખી જીંદગીને એડજસ્ટ કરતા જાઓ તો જીંદગીમાં મજા જ મજા છે. જીવનમાં કંઈ જ પરમેનન્ટ નથી. સતત બદલાતી જીંદગીમાં કોણ જાણે કોણ કયારે કોનાથી વિખુટું પડી જાય કોને ખબર? જેને તમારી અર્ધાંગિની બનાવી હોય કે જેને જીવનસાથી બનાવ્યો હોય તેનો સાથ જીવનભર નીભાવવાની સમજદારી કેળવવી જીવનમાં કયારેક દુઃખ આવતું નથી. તેઓ જીંદગી જીવી જાય છે અધકચરા, આછકલા અને ઉછાંછળા લોકો જ જીંદગીની નાવને હલેસા માર્યા વગર અધવચ્ચે જ ડુબાડી દે છે. આવા લોકો જ કાયમ રોદણાં જ રડતાં હોય છે.

પ્રેમને કાયમ પ્રેમ જ રહેવા દો તેને કદી ભૂતકાળ ન બનાવશો, પ્રેમ એટલે જ તડપન, પ્રેમ સદાય વરસતો જ રહે, ગરજતો જ રહે, મહેકતો જ રહે પ્રેમમાં વળી ઓટ કેવી? અને છતાંય જેમના દાંપત્યજીવન અધવચ્ચે અટવાયા છે એમને પુછી જુઓ પ્રેમ એટલે શું?